GJAR060001772026

Presented on : 11-02-2026
Registered on : 11-02-2026
Decided on : 11-08-2026
Duration : 00D-06M-00Y

**IN THE COURT OF**
**PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C**
**AT ,ARAVALLI**
**(Presided Over by MR.A.A.JANI)**

**ફોજદારી કેસ નં. ૧૪૫/૨૦૨૬**

**આંક-**

**શ્રી સરકાર ........**

ધનસુરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૪૨૫૦૫૬૮/૨૦૨૫....... **ફરીયાદી**

**વિરૂદ્ધ**

**નિતેશકુમાર ગટુભાઇ તાબિયાડ**

ઉ.વ.૩૨, ધંધો– તાબીયાડ,

રહે. જનતાનગર, તા.ધનસુરા, જી.અરવલ્લી.

**ગુન્હો પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ એ.એ.**

---

સરકાર તરફે :- વિ.વ. શ્રી ડી.ડી.પટેલ

આરોપી તરફે :- એમ.એન.પટેલ

---

**–:: ચુકાદો ::–**

(૧). આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૩/૦૮/૨૦૨૫ ના ક.૧૯/૩૦ વાગે મોજે જનતાનગર ધનસુરા ગામે પોતાના કબજા ભોગવટાના ઘરના આગળના રૂમમાં

એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લી.૦૨ કિં.રૂ.૪૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન મળી આવી પકડાઇ જઈ ગુનો કરેલ છે અને તે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદી શ્રી નરેન્દ્રસિંહ પ્રભાતસિંહ, પોલીસ કોન્સ. બ.નં. ૩૯૧ નોકરી ધનસુરા પોલીસ સ્ટેશન જી.અરવલ્લીવાળાએ ધનસુરા પો.સ્ટે.માં આપતા સદર ફરીયાદ ધનસુરા પો.સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૪૨૫૦૫૬૮/૨૦૨૫ થી નોંધવામાં આવેલી અને સદર કામ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હોવાની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨). આ કામના આરોપીને સમન્સ બજવણી કરતા તેઓ કોર્ટ સમક્ષ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે, તેઓને બી.એન.એસ.એસ. ની કલમ - ૨૩૦ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક - ૦૫ થી તહોમતનામું ઘડવામાં આવેલ છે અને આંક – ૦૬ થી પ્લી લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૩). આ કામમાં ફરીયાદપક્ષ તરફથી નીચે પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ – કૌશીકભાઇ મગનભાઇ પરમારની સોગંદ ઉપરની જુબાની | ૦૮ |
| ૨. | પ્રા.પંચનામું | ૦૯ |
| ૩. | પંચ સાહેદ – શંકરભાઇ ગુલાબભાઇ ખાંટની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |
| ૪. | ફરીયાદી– નરેન્દ્રસિંહ પ્રભાતસિંહની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૫. | અસલ ફરીયાદ | ૧૩ |

(૪). આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા તેના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). તમામ પુરાવાના અંતે આરોપીનું બી.એન.એસ.એસ.કલમ– ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં મોટા ભાગની હકીકતનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, અમો આરોપી નિદોર્ષ માણસ હોવા છતાં અમો આરોપી ઉપર ખોટો કેસ કરેલ છે.

(૬). દલીલ

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી ડી.ડી.પટેલની દલીલ સાંભળવામાં આવેલ છે અને બચાવપક્ષે વિ.વ. શ્રી એમ.એન.પટેલની દલીલ સાંભળવામાં આવેલ છે.

(૭). કેસની ઉપરોકત હકીકતો તથા ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૨૩/૦૮/૨૦૨૫ ના ક.૧૯/૩૦ વાગે મોજે જનતાનગર ધનસુરા ગામે પોતાના કબજા ભોગવટાના ઘરના આગળના રૂમમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લી.૦૨ કિં.૩.૪૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન મળી આવી પકડાઇ જઇ ગુનો કરી પ્રોહી કલમ– ૬૫ એ.એ. મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮). ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે પ્રમાણે આપવામાં આવે છે :

(૧) ''નકારમાં''

(૨) '' આખરી હુકમ મુજબ''

(૯). :: કારણો ::

આમ, સમગ્ર રીતે જોવા જોઇએ તો, આંક – ૦૮ થી રજુ થયેલ પંચ સાહેદે પોતાની જુબાનીમાં તથા આંક – ૧૦ થી રજુ થયેલ પંચ સાહેદે પોતાની જુબાનીમાં તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં પંચો તરીકે તેઓની સહીઓ છે જે તેઓ ઓળખી બતાવે છે. જેના પંચનામા નો આંક–૦૯ છે. તેઓ ધનસુરા ગામના સ્ટેન્ડ પાસે ઉભા હતા. પોલીસે લખેલ કાગળમા તેઓની સહી કરાવી હતી પરંતુ કંઇ બાબતે કરાવી હતી તેની ખબર નથી. પંચનામાની બીજી કોઇ વિગતો તેઓ જાણતા નથી. પોલીસે તેઓની હાજરીમા કોઇ મુદ્ધામાલ પકડેક હોય તેવુ બનેલ નથી. તેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. પંચનામામા સહી કર્યા સિવાય તેઓ બીજુ કંઇ જાણતા નથી. હાલના આરોપી પાસેથી જ કહેવાતો પ્રોહી મુદામાલ કબજે કરવામાં આવેલ હોય તેવુ સદરહું સાહેદોની જુબાનીથી રેકર્ડ ઉપર સાબીત થતું નથી. સદરહું બંને પંચ સાહેદોએ આંક – ૦૯ થી રજુ થયેલ પ્રા. પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદરહું પંચ સાહેદ પ્રા.પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે. સદરહું પંચ સાહેદ આંક – ૦૯ થી રજુ થયેલ પ્રા.પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે આંક – ૦૯ થી રજુ થયેલ પ્રા. પંચનામું પુરવાર થયેલ માની શકાય નહી.

(૧૦). જયારે આંક – ૧૦ થી રજુ થયેલ ફરીયાદી પ્રફુલકુમાર વિરમભાઇનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, હુ સને–૨૦૨૫ ના વરસમાં ધનસુરા પોલીસ સ્ટેશનમાં અ.હે.કો..તરીકે ફરજ બજાવતો હતો.તા.૨૩/૦૮/૨૦૨૫ ના રોજ અમો તથા અ.હે.કો.સતીષસિંહ અભેસિંહ એ રીતના ધનસુરા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ફરતા ફરતા જનતા નગર ધનસુરા ખાતે જતા બાતમી મળેલ કે,જનતાનગરમમાં રહેતા નિતેશકુમાર ગટુભાઇ તાબીયાડ પોતાના ઘરે દેશી દારૂ રાખી વેચાણ કરે છે તે બાતમી આધારે નજીકમાંથી ૨ પંચો બોલાવી પંચો સાથે બાતમી વાળા આરોપી નિતેશકુમારના ઘરે જતા ઘરના આગળના રૂમમાં એક ઇસમ પ્લા.નુ

કેન લઇને બેસેલ હોય તેને કોર્ડન કરી પકડી પાડીતેનુ પંચો રૂબરુ નામ પુછતા તેણે પોતાનુ નામ નિતેષકુમાર ગટુભાઇ તાબીચાડ હોવાનુ જણાવેલ તેની પાસેથી મળી આવેલ પ્લા.કેન ખોલી પંચો રૂબરૂ સુંઘી સુંઘાવી જોતા તેમાંથી દેશી દારૂની સખત વાસ આવતી હતી દારૂ આશરે ૨ લીટર જેટલો હતો, પકડાયેલ ઇસમ પાસે દારૂ રાખવા અંગેનુ પાસ પરમીટ માંગતા ન હતુ.દારૂ ગેરકાયદેસર પાસ પરમીટ વગરનો હોય અમારી સાથેના અ.હે.કો.સતિષસિંહ અભેસિંહનાઓએ પંચો રૂબરુ કેનમાંથી ૧૮૦ મી.લી.જેટલો દારૂ એક કાચની શીશીમાં સેમ્પલ માટે ભરી સેમ્પલ તથા કેન બંધ કરી બંને ના મોંઢે પંચોની સહિઓ વાળી કાપલીઓ લગાવી પો.સ.ઇ.ધનસુરાના હોદ્દાનુ સીલ મારી સેમ્પલ તથા શીલ કરી પંચનામાની વિગતે મુદ્દામાલ તરીકે કબજે કરેલ. મને આંક–થી રજુ મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે સતિષસિંહની સહી છે જે જોઇને ઓળખી બતાવુ છુ.બનાવ અંગેની મે ધનસુરા પોલીસ સ્ટેશનમાં મે ફરીયાદ આપેલ મને ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે જોઇને ઓળખી બતાવુ છુ જે રજુ દ.આં.૧૩ આપવામાં આવે છે.આરોપીને જોયે ઓળખી શકુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

સદરહું ફરીયાદીની જુબાનીને કોઇ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી. સદરહું સાહેદ પોલીસ સાહેદ હોય તેઓને સોંપવામાં આવેલ ફરજ મુજબની કામગીરી તેઓએ કરેલ હોવાનું જણાય આવે છે.

**(૧૧).** ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે તે પંચ સાહેદ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આંક – ૦૯ થી રજૂ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે જીવાભાઈ ટી.વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકિકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો તે શંકાનો

લાભ આરોપીઓની તરફેણમાં રહે છે. આ કામે રજૂ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકિકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. **નામદાર સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિ.દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઈએ નહી. વધુમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જ્યારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહીં. વધુમાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં**, માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ. – એચ.સી. પાના નં.૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ " જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપીઓ પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીઓને શંકાનો લાભ આપી શકાય.

**(૧૨).** આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતા રેઈડવાળી જગ્યા જાહેર વિસ્તાર માણસોની અવરજવરવાળો વિસ્તાર હોવા છતાં આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે પો.સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ ન હોય તપાસવામાં આવેલ નથી. તેમજ આ કામે ફરીયાદીનો પુરાવો રજુ થયલ હોય

અને તેઓની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામના પંચ સાહેદ પંચનામાની હકીકતોનો સમર્થન આપેલ નથી. જેથી આરોપી જનતાનગર ધનસુરા ગામે પોતાના કબજા ભોગવટાના ઘરના આગળના રૂમમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લી.૦૨ કિં.રૂ.૪૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન મળી આવી પકડાઇ આવેલ હોવાની હકીકતને નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ ન હોય, તપાસવામાં આવેલ નથી. જેથી એક માત્ર ફરીયાદના આધારે અને અન્ય વિશ્વસનીય પુરાવાને અભાવે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદો પુરાવાને કામે રજુ નથી. આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ રહેલો હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. તેમજ હાલના કેસની પરીસ્થતી જોતા આરોપીનાઓ વિરૂદ્ધ સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો તદન ન્યાયીક કાર્યવાહી ઉપર ભારરૂપ, બોજા રૂપ તેમજ સમયના નિર્રથક બગાડ કરવા પાત્ર જણાઈ આવતું હોય આ સંજોગોમાં આ કોર્ટનું એમ માનવું છે કે, ફરીયાદપક્ષ આરોપી સામે હાલનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તે સંજોગોમાં આરોપીને હાલના ગુન્હામાં દોષિત ઠરાવી શિક્ષા કરવાનું યોગ્ય, ન્યાયી અને વ્યાજબી જણાતું ન હોય મુદ્ધા નં. ૧ નો જવાબ '' નકારમાં'' આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ::–

(૧). આ કામના આરોપી– **નિતેશકુમાર ગટુભાઇ તાબિયાડ**,ઉ.વ.૩૨, ધંધો– તાબીયાડ,રહે. જનતાનગર, તા.ધનસુરા, જી.અરવલ્લીને બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૧(૧) મુજબ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ - ૬૫ એ.એ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાતમચુરકા અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આ કામે મુદામાલ પાવતી નં. ૨૫૩/૨૦૨૫ ના કામે રજુ થયેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૧મી, માહે –ઓગસ્ટ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૧/૦૮/૨૦૨૬**
**સ્થળ:ધનસુરા.**

**(અર્પિત એ. જાની)**
**જ્યુડી.મેજી.ફ.ક.,**
**અરવલ્લી (ધનસુરા).**
**(કોડ નં. જીજે૦૧૬૪૪)**

(જે.એમ.પરમાર)
**સ્ટેનોગ્રાફર**